# એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

| | |
|---|---|
| તારીખ અને વાર | : મંગળવાર, ૨૮ જાન્યુઆરી ૨૦૨૦ |
| સમય | : સાંજે ૪-૦૦ કલાકે |
| સ્થળ | : શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સમિતિ ખંડ, આશ્રમરોડ અમદાવાદ |


## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,

પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨

ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪

ઈ-મેઈલ : gcci@gujaratchamber.org

વેબસાઈટ : www.gujaratchamber.org

૨૧ જાન્યુઆરી, ૨૦૨૦

પ્રતિ,
કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા મંગળવાર તા. ૨૮-૧-૨૦૨૦ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ, ગુજરાત ચેમ્બર, આશ્રમરોડ, અમદાવાદ-૯ ખાતે નીચેના કામકાજ માટે મળશે.

**: એજન્ડા :**

| | આઇટેમ | વિગત | પાના નં. |
|---|---|---|---|
| I | | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | |
| | ૧. | તા. ૧૯-૧૨-૨૦૧૯ના રોજ મળેલી કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા. | ૧ થી ૧૧ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો. | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો- (૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન)<br>• તા. ૩૦-૧૨-૨૦૧૯ના રોજ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાથે જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો અંગે યોજવામાં આવેલ મિટિંગની માહિતી આપવા. | ૧૨ |
| | | ૨.૨ ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો. | ૧૨ થી ૧૩ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | -- |
| | | ૨.૪ અન્ય માહિતી. | ૧૩ થી ૧૪ |
| | ૩. | કમિટી અને સલાહકારી સમિતિના અહેવાલો. | |
| | | ૩.૧ કમિટીઓની મીટીંગના અહેવાલો. | ૧૪ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી. | ૧૪ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | સ્ક્રુટિનીની સમિતિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીને મંજુરી માટે. | |
| | ૫. | એર કાર્ગોના પ્રશ્નો અંગે ચર્ચા કરવા. | |
| | ૬. | ઇન્ડસ્ટ્રીયલ પોલીસીની મુદ્દત લંબાવવામાં આવી છે તો સમાવેશ કરવાના બાકી રહેતા સૂચનો અંગે ચર્ચા કરવા. | |
| | ૭. | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રશ્નો અંગે ચર્ચા કરવા. | |
| | ૮. | NGT દ્વારા કરવામાં આવેલ ઓર્ડરને કારણે ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવા. | |
| | ૯. | Discom ના Tariff Revision અંગે ચર્ચા કરવા. | |

| | | | |
|---|---|---|---|
| | ૧૦. | ટ્રાન્સપોર્ટને લગતા પ્રશ્નો અંગે ચર્ચા કરવા. | |
| | ૧૧. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૧૨. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

તન્મય મહેતા
*સેક્રેટરી જનરલ*

# કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૭/૨૦૧૯-૨૦
તારીખ : ૧૯-૧૨-૨૦૧૯
સ્થળ : શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ
પ્રમુખ : શ્રી દુર્ગેશ બુચ

**એનેક્ષર - એ મુજબ આ મિટિંગમાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.**

- ચેમ્બરના પૂર્વ સેક્રેટરી જનરલ શ્રી ઇશ્વરલાલ કણીચાનું તા. ૧૯-૧૨-૨૦૧૯ના રોજ દુ:ખદ અવસાન થયેલ તેમનો શોક પ્રસ્તાવ મોકલી આપવામાં આવ્યો છે તેમ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું.
- સભામાં સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપવા બે મિનિટનું મૌન રાખવામાં આવ્યું હતું.

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

- પ્રમુખશ્રીએ તા. ૨૭-૧૧-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપ્યો છે તેને મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૨૭-૧૧-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૨૭-૧૧-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૨**

૨.૧ થી ૨.૪ ૧૫ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો અને તેના અહેવાલો (એક્ઝીક્યુટીવ સમરી) અને ગુજરાત ચેમ્બર તરફથી કરવામાં આવેલ રજૂઆતો તથા ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન તથા વીઝા રેકમન્ડેશન લેટર્સ અને અખબારી નિવેદનોની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની સમિતિને જાણ કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ તેની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૩**

૩.૧ ગુજરાત ચેમ્બરની વર્કીંગ કમિટીઓની ૧૫ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મીટીંગોની ચર્ચા કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

૩.૨ • પ્રમુખશ્રીએ ૧૫ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ માસ દરમ્યાન મળેલ સલાહકારી સમિતિની મીટીંગોની અને આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ ચેમ્બરના પ્રતિનિધિઓ દ્વારા આમાં થયેલ કાર્યવાહીની વિગતોની જાણ કરી હતી.

**આઇટેમ નં. ૪**

- તા. ૧૬-૧૨-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતો આપતાં માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે આ મિટિંગમાં નવા સભ્યો અંગે કુલ-૧૦ અરજીઓ આવી હતી જે તમામ ૧૦ અરજીઓને મંજુર કરવામાં આવી હતી જેને કારોબારી સમિતિની મંજુરી માટે મુકવા ભલામણ કરવામાં આવી હતી, જ્યારે સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના નામમાં કે કેટેગરીમાં ફેરફાર અંગે કુલ-૨૩ અરજીઓ મળી હતી જે તમામ ૨૩ અરજીઓને મંજુર કરવામાં આવી હતી.
  - સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સ્ક્રુટિની સમિતિએ આપેલ અહેવાલની નોંધ લઇ સર્વાનુમતે મંજુર કરી ઠરાવ કર્યો હતો.

**ઠરાવ નં. ૨**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૬-૧૨-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં મંજુર કરી ભલામણ કરવામાં આવેલ નવા સભ્યોની કુલ-૧૦ અરજીઓ મળી હતી જે એનેક્ષર-બી મુજબ તમામ અરજીઓને મંજુર કરવામાં આવે છે, જ્યારે ચેમ્બરના સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિના નામમાં કે કોઇ પણ કેટેગરીમાં ફેરફારની કુલ-૨૩ અરજીઓ મળી હતી તે તમામ ૨૩ અરજીઓને એનેક્ષર-સી મુજબ મંજુર કરવામાં આવી છે.

**આઇટેમ નં. ૫**

- શ્રી સંજીવ છાજરે સ્ક્રુટિની સમિતિમા ગુજરાત ચેમ્બરના મેમ્બરશીપમાં નવા પ્રતિનિધિના નામમાં ફેરફાર માટે અરજી સામે રૂા.૧૦૦/- ચાર્જ લેવાની ભલામણ કરતી જાણ કરવામાં આવી હતી.
- ચર્ચાને અંતે નવા પ્રતિનિધિના નામમાં ફેરફાર માટે કોઇ પણ ચાર્જ ના લેવો તેવું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

**આઇટેમ નં.૬**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં તે સમયના ચીફ એકાઉન્ટન્ટ શ્રી નવનીતભાઇ ગાંધીએ આર્થિક ઉચાપત કરેલ તેનો કેસ ચાલે છે અને તેઓ મૃત્યુ પામેલ છે. ગુજરાત ચેમ્બરે તા. ૨૨-૬-૨૦૧૯ના રોજ મળેલી વાર્ષિક સામાન્ય સભામાં તેમના બાકી નિકળતા લેણા માંડવાળ કરવા ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ધ્યાનમાં લેતાં ગુજરાત ચેમ્બરની સામેનો કેસ પરત ખેંચવા અંગે સમિતિમાં રજૂઆત કરી હતી.
- ચર્ચાને અંતે સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ ચીફ એકાઉન્ટન્ટ શ્રી નવનીતભાઇ ગાંધીનો તેમની સામે બાકી નિકળતા લેણાનો કેસ પરત ખેંચવાનો સર્વાનુમતે નિર્ણય કરી ઠરાવ કર્યો હતો.

**ઠરાવ નં. ૩**

આથી વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં તે સમયના ચીફ એકાઉન્ટન્ટ શ્રી નવનીતભાઇ ગાંધીએ આર્થિક ઉચાપત કરેલ તેનો કેસ ચાલે છે અને તેઓ મૃત્યુ પામેલ છે. ગુજરાત ચેમ્બરની તા. ૨૨-૬-૨૦૧૯ ના રોજ મળેલી વાર્ષિક સામાન્ય સભામાં તેમના બાકી નિકળતા લેણા માંડવાળ કરવામાં આવ્યા હતા. આ ધ્યાને લઇને તેમની સામેનો કેસ પરત ખેંચવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવે છે.

**આઇટેમ નં. ૭**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા સલ્ફર ડાયોક્સાઇડના ઉત્સર્જનને નિયંત્રણ કરવા ફરજીયાત વોટર સ્કબર લગાવવાનો નિયમ બહાર પાડવામાં આવેલ છે. જે કોઇ ઔદ્યોગિક એકમો સોલીડ ફયુઅલ વાપરતા હોય તેને આ નિયમ લાગુ પડશે. આ બાબત સમિતિ સમક્ષ રજુ કરી હતી.
- શ્રી અશોક પટેલે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા તેમના યુનિટને કલર વાળા પાણીના નિકાલ બાબતે ક્લોઝર નોટીસ આપવામાં આવી છે તે અંગે ગુજરાત ચેમ્બર દ્વારા રજૂઆત કરવા જણાવ્યું હતું.
- પ્રમુખશ્રીએ શ્રી અશોકભાઇને આ અંગે લેખિત રજૂઆત મોકલી આપવા જણાવ્યું હતું. વધુમાં તેમણે આ અંગે સોલીડ વેસ્ટ ડીપાર્ટમેન્ટમાં પણ રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

**આઇટેમ નં. ૮**

- પ્રમુખશ્રીએ જીએસટીના કાયદામાં આવેલ સુધારા પ્રમાણે ૨૦% ઇનપુટ ટેક્ષ ક્રેડીટની લીમીટ કરવામાં આવેલી છે અને તેના અનુસંધાનમાં વ્યાપાર જગતમાં સંભવિત નાણાંકીય ભીડ ઉભી થશે તે બાબતે સમિતિમાં રજૂઆત કરી હતી.
- પ્રમુખશ્રીએ આ બાબતે સભ્યોને રજૂઆત કરવા જણાવ્યું હતું.
- શ્રી પ્રતાપ ચંદને સપ્લાયર અથવા તો સામેની પાર્ટી જીએસટી રીટર્ન ફાઇલ ના કરે તો જીએસટી ક્રેડિટ લેવામાં ઘણાં પ્રશ્નો ઉભા થાય છે તેમ જણાવ્યું હતું.
- સમિતિમાં ઉપસ્થિત શ્રી મોહનીશ ભલ્લાએ સપ્લાયરના ઇન્વોઇસ ૯૧% મેચ ના થાય તો ક્રેડીટ લેવામાં મુશ્કેલી થઇ શકે છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ અને નાના વેપારીઓ કે જેઓ ત્રણ મહિને રીટર્ન ફાઇલ કરતા હોય છે તેઓને આનાથી ઘણા પ્રશ્નો ઉભા થઇ શકે છે અને તે બાબતે ચેમ્બર દ્વારા રજૂઆત કરવી જોઇએ તેમ જણાવ્યું હતું.
- શ્રી ભલ્લાએ વધુમાં જણાવ્યું હતું કે જેમણે ૨૦૧૭થી રીટર્ન ફાઇલ કર્યા નથી તેમને તા. ૧૦ જાન્યુઆરી,૨૦૨૦ સુધીમાં રીટર્ન ફાઇલ કરવાનો સમય આપ્યો છે અને ત્યાં સુધી કોઇ પણ પેનલ્ટી કે લેટ ફી લેવામાં આવશે નહીં. આમ જેમને પણ જીએસટી રીટર્ન ફાઇલ કરવાનું બાકી હોય તેમને ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ પહેલાં ભરવા જોઇએ.
- શ્રી કિરીટભાઇ પટેલે ગુજરાતમાંથી ઇ-વે બીલ કાઢી નાંખવું જોઇએ તેવી રજૂઆત કરી હતી.
- શ્રી અશોકભાઇએ જે માલ સીઝ કરવામાં આવે તેની કિંમત કરતાં ખુબજ મોટી રકમની પેનલ્ટી લગાવવામાં આવે છે. આ અંગે પીટીશનમાં કોઇ પણ સપષ્ટતા ના હોવા છતાં પણ આ વિભાગના અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રી જણાવ્યું હતું કે આવી પીટીશનની કોપી ચેમ્બર ઉપર મોકલી આપવા વિનંતી છે જેથી યોગ્ય રજૂઆત કરી શકાય.

**આઇટેમ નં. ૯**

➢ પ્રમુખશ્રીએ કેમીકલ વિભાગ દ્વારા (૧) ફીનોલ/એસીટોન (૨) કોસ્ટીક સોડા, (૩) ફેટી આલ્કોહોલ/એસીડ ના ઇમ્પોર્ટને રીસ્ટ્રીકટેડ કેટેગરીમાં મુકવા બાબતે સમિતિ સમક્ષ રજુ કરી હતી.

➢ શ્રી યોગેશ પરીખ, ગુજરાત ચેમ્બર, GDMA, કેમેક્સીલના સંયુકત રીતે આ અંગે રજૂઆત કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું.

➢ પ્રમુખશ્રીએ GCCIના સભ્ય વેપારીઓને આ પ્રશ્ન સપર્શતો હોય અસરકારક રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

**<u>આઇટેમ નં. ૧૦</u>**

➢ જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો અંગે ચર્ચા કરવા અને આ અંગે જી.આઇ.ડી.સી.ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી એમ. થેનારસન સાથે કરવામાં આવેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરતા શ્રી સચિન પટેલે જણાવ્યું હતું કે રાસ્કા જી.આઇ.ડી.સી.માં ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ આપવામાં આવી નથી. આમ છતાં એકમો શરુ ના કરવા માટે પેનલ્ટી લગાવવામાં આવી છે તેની રજૂઆત આ મિટિંગમાં કરવામાં આવી હતી.

➢ વધુમાં વટવા, ઓઢવ, નરોડા જી.આઇ.ડી.સી.માં વધારાના કન્સ્ટ્રક્શનની ઇમ્પેક્ટ ફી લઇ રેગ્યુલાઇઝેશન કરવા રજૂઆત કરવામાં આવી હતી.

➢ શ્રી સચિનભાઇએ જણાવ્યું હતું કે પાલનપુર જી.આઇ.ડી.સી.નો પ્રશ્ન હતો કે તેમના પ્લોટમાં ગેરકાયદેસર રીતે રબારીઓએ વસવાટ કર્યો છે તે દબાણ હટાવવા રજૂઆત કરી હતી.

➢ શ્રી નિલેશ શુક્લ એ ઘણાં વર્ષોથી જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો અંગે સરકારમાં વારંવાર રજૂઆતો કરવામાં આવે છે છતાં તેનું નિરાકરણ આવતું નથી તો તે અંગે ધ્યાન દોરી શકાય તેવા પગલાં લેવા સૂચન કર્યું હતું.

➢ વધુમાં તેમણે ડબલ ટેક્ષેશનના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.

➢ શ્રી રોહિત પટેલને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને જી.આઇ.ડી.સી. બંનેના સંકલનના અભાવે ઘણાં બધા સમયથી ડબલ ટેક્ષેશનના પ્રશ્નોનું નિરાકરણ શક્ય બન્યુ નથી તેમ જણાવ્યું હતું.

➢ આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ અંગે જી.આઇ.ડી.સી.ના મેનેજીંગ ડીરેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. તેઓએ સૈદ્ધાંતિક રીતે આ ખોટું છે તેમ જણાવી આગળ યોગ્ય કાર્યવાહી કરવા હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો અને જી.આઇ.ડી.સી.ના ત્રણ કર્મચારીઓ સામે પણ પગલાં લેવા રજૂઆત કરવામાં આવી છે.

➢ પ્રમુખ શ્રી દુર્ગેશ બુચે જણાવ્યું હતું કે FIA અને ગુજરાત ચેમ્બરના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત જી.આઇ.ડી.સી.ના ત્રણ અધિકારીઓ સામે નામજોગ ફરિયાદ કરવામાં આવી છે અને મને આશા છે કે આ અંગે યોગ્ય નિર્ણય આવશે.

➢ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ડબલ ટેક્ષેશનનો પ્રશ્ન ૩૨ જેટલી જી.આઇ.ડી.સી.ને સ્પર્શે છે. આ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને તેમનું સીધું ઇન્ટરવેશન કરી આ પ્રશ્નનું નિરાકરણ આવે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને રૂબરૂ રજૂઆત કરવામાં આવશે.

➢ શ્રી દુર્ગેશ બુચે જણાવ્યું હતું કે FIA દ્વારા ડબલ ટેક્ષેશનના પ્રશ્ન અંગે અંત સુધી લડી લેવાની માનસિક તૈયારી દર્શાવી છે અને તેમની કારોબારી સમિતિમાં ટાઇમ ફ્રેમ નક્કી કરી તેમની સાથે રહી રજૂઆત કરવામાં આવશે.

- વધુમાં તેમણે જણાવ્યું હતું કે FIA દ્વારા ૩૨ જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો માટે માનસિક અને નાણાકીય બંને તૈયારીઓ દર્શાવવામાં આવી છે માટે જો ટૂંક સમયમાં યોગ્ય નિરાકરણ ના આવે તો FIA ને સાથે લઇને લીગલ કાર્યવાહી પણ કરવામાં આવશે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે જી.આઇ.ડી.સી.ના પ્રશ્નોની રોજીંદા ધોરણે રજૂઆત કરવામાં આવે છે અને આશરે દર અઠવાડીયે મિટિંગ કરી ફોલોઅપ કરવામાં આવે છે.
- શ્રી પ્રફુલ્લભાઇ તલસાણીયાએ જી.આઇ.ડી.સી.ને ફાળવવામાં આવેલ પ્લોટને રેગ્યુલરાઇઝેશન કરવા રજૂઆત કરી હતી.
- પ્રમુખશ્રીએ નવી ઇન્ડસ્ટ્રીયલ પોલીસી અને ટુરીઝમ પોલીસી બનાવવાનું કામ ચાલુ થયું છે અને ચેમ્બર દ્વારા નવી ઔદ્યોગિક પોલીસી અને ટુરીઝમ પોલીસીને લગતા સૂચનો મોકલી આપવામાં આવ્યા છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે જ્યાં સુધી નવી પોલીસીનો અમલ ના થાય ત્યાં સુધી જુની પોલીસીની સમય મર્યાદા વધારવાની રજૂઆત કરવામાં આવશે જેથી વચ્ચેનો સમય બ્લેકઆઉટ ના રહે.
- પ્રમુખ શ્રી દુર્ગેશ બુચે જણાવ્યું હતું કે ટૂંક સમયમાં શ્રી એમ. કે દાસ સાથે મિટિંગનું આયોજન કરવામાં આવનાર છે. તેમણે વેપારીઓને જે તે વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં નિરાકરણ માટે મિટિંગ કરવાનું જણાવેલ છે તો દરેક સભ્યોને તેમના પ્રશ્નો મોકલી આપવા વિનંતી કરી હતી.
- પ્રમુખશ્રીએ ગુજરાત ચેમ્બરમાં NRG સેન્ટરનું કામ શરૂ થઇ ગયું છે તેમ જણાવી NRG સેન્ટરના ચેરમેન તરીકે શ્રી દિગન્ત સોમપુરાની નિમણૂક કરવામાં આવે છે તેમ જણાવ્યું હતું અને સરકારના NRG વિભાગમાં ગુજરાત ચેમ્બરને આપવામાં આવતી માસીક ગ્રાન્ટ પણ વધારી આપવા માટે રજૂઆત કરવામાં આવી છે.
- શ્રી દુર્ગેશ બુચે જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બરને જે જમીન ફાળવવામાં આવી હતી તે અંગે જીલ્લા કલેક્ટર સાથે એક મિટિંગ થઇ હતી અને તેમણે ૧૦,૦૦૦ ચો.મી.ને બદલે ૬૨૧૧ સ્કવે. મી. જમીન આપવાની સંમતિ દર્શાવી છે અને ચેમ્બર દ્વારા તેની સ્વીકૃતિ આપવામાં આવી છે તેમ જણાવ્યું હતું.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આગામી સમય જંત્રીના દરને ધ્યાનમાં લઇને અને અગાઉ સર્વિસ ટેક્ષનું પેમેન્ટ પણ કરી દેવામાં આવ્યું છે જે તમામ ધ્યાને લેતાં ગુજરાત ચેમ્બર તરફથી સ્વીકૃતિ પત્ર મોકલી આપવામાં આવ્યો છે તેની આગામી કાર્યવાહી થયે સભ્યોને તેની જાણ કરવામાં આવશે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગયા વર્ષે ગુજરાત ચેમ્બરમાં જે રીનોવેશન કરવામાં આવ્યું હતું તેની સામે સરકારમાં ગ્રાન્ટ મેળવવા માટે રજૂઆત કરવામાં આવી હતી અને તેમના દ્વારા સૈદ્ધાંતિક મંજુરી પણ આપવામાં આવી હતી પરંતુ આગળ કોઇ કાર્યવાહી થઇ ના હોવાથી તે અંગે પણ ફોલોઅપ કરવામાં આવેલ છે.
- આ અંગે શ્રી શંકરકાકા દ્વારા મદદ કરવામાં આવી રહી છે તેમ જણાવ્યું હતું. આ અંગેની કાર્યવાહી ઝડપી થાય તે અંગે રજૂઆત કરવામાં આવી હતી.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગઇ કારોબારી સમિતિમાં વિનંતી કરવામાં આવેલ તે મુજબ કારોબારી સમિતિના ઘણાં સભ્યોએ વેપાર-ઉદ્યોગને લગતી માહિતી દર્શાવતો, બુલેટીનમાં પ્રિન્ટ કરવા માટે આર્ટીકલ મોકલી આપવામાં આવ્યો છે. પ્રમુખશ્રીએ તેમને અભિનંદન આપ્યા હતા અને સમિતિના બીજા સભ્યોને આર્ટીકલ મોકલી આપવા વિનંતી કરી હતી જેથી બુલેટીનને માહિતીસભર બનાવી શકાય.

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગઇ કારોબારી સમિતિની મિટિંગમાં લીગલ ફંડ વિષે વાત કરવામાં આવી હતી તે અનુસંધાને ૫ એસોસીયેશનો દ્વારા રૂા.૧૦ લાખ લેખે રૂા.૫૦ લાખનું લીગલ ફંડ આપવામાં આવશે.
- વધુમાં તેમણે જણાવ્યું હતું કે આમ કરવાથી ચેમ્બરના વેપાર-ઉદ્યોગના પ્રશ્નો માટે દરેક ક્ષેત્રે અસરકારક રજૂઆત કરી શકાશે.
- શ્રી દુર્ગેશ બુચે તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ રેલ્વેના પ્રશ્નો અંગે એક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે તેમ જણાવ્યું હતું અને દરેક સભ્યોને ખાસ કરીને એસોસીયેશનો અને રીજનલ ચેમ્બરના પ્રતિનિધિઓને રેલ્વેના પ્રશ્નો સત્વરે મોકલી આપવા જણાવ્યું હતું.
- આ ઉપરાંત પ્રમુખશ્રીએ ૬ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ ઝીમ્બાબ્વેનું ડેલીગેશન આવી રહ્યું છે તેની માહિતી સમિતિના સભ્યોને આપી હતી.
- પ્રમુખશ્રીએ ખાસ અગત્યની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે તા. ૯ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગુજરાત ચેમ્બરમાં ઉપસ્થિત રહેવાના છે. તેમની સાથેની મિટિંગમાં ઉર્જા અને રીન્યુએબલ એનર્જીને લગતા પ્રશ્નોની રજૂઆત કરવામાં આવશે અને સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ યોજનાઓની માહિતી આપવામાં આવશે. પ્રમુખશ્રીએ દરેક સભ્યોને તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ સુધી આ અંગેના પ્રશ્નો મોકલી આપવા જણાવ્યું હતું.
- શ્રીમતી મીના કાવીયાએ જણાવ્યું હતું કે MSME ને ૪૫ દિવસમાં પેમેન્ટ કરવાનો જે કાયદો કરવામાં આવ્યો છે તે કાયદાથી MSME ઉદ્યોગોને નુકશાન થઇ રહ્યું છે તે અંગે રજૂઆત કરવી જોઇએ.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ આ મુદ્દો MSME કમિટિની મિટિંગમાં ચર્ચા કરવા જણાવ્યું હતું.

**<u>આઇટેમ નં. ૧૧</u>**

- પ્રમુખશ્રીએ ગુજરાત ચેમ્બર દ્વારા આગામી સમયમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, જીએસટી, ઇન્કમટેક્ષ, પોલીસ અને ટ્રાફીક પોલીસીને લગતા પ્રશ્નો અને ઇન્સ્યોરન્સને લગતા પ્રશ્નો અંગે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવનાર છે. આ અંગે જે તે વિભાગના અધિકારી સાથે સંપર્ક કરી તારીખો નક્કી કરવામાં આવનાર છે તો દરેક સભ્યોને આ બાબતને લગતા પ્રશ્નો સત્વરે ચેમ્બરને મોકલી આપવા સૂચન કર્યું હતું.
- વધુમાં તેમણે લોજીસ્ટીક, કસ્ટમ્સ અને એરપોર્ટને લગતા પ્રશ્નો અંગે ઓપન હાઉસ કરવામાં આવનાર છે તેમ જણાવ્યું હતું.
- શ્રી દુર્ગેશ બુચે શ્રી કોષીયા સાહેબ સાથે થયેલ મિટિંગની ચર્ચા કરતા જણાવ્યું હતું કે અમદાવાદના વિસ્તારમાં કોઇ પણ પ્રશ્ન બાકી ના રહે તે માટે શ્રી કોષીયા સાહેબે મિટિંગ કરવાની તૈયારી દર્શાવી છે તો આ અંગે પણ કોઇ રજૂઆત હોય તો તે મોકલી આપવા વિનંતી કરી હતી.
- શ્રી કૌશીકભાઇ પટેલે સ્માર્ટ કમિટિની મિટિંગ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફીકને લગતા પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી તે પ્રશ્નોની યાદી તૈયાર થયે ઓપન હાઉસમાં સમાવેશ કરવા જણાવ્યું હતું.
- શ્રી સૌરીન પરીખે જણાવ્યું હતું કે ઓપન હાઉસના આયોજન પહેલાં દરેક પ્રશ્નોની સોલ્યુશન સાથેની યાદી તૈયાર કરી મોકલી આપવી જોઇએ, ત્યારબાદ ઓપન હાઉસ કરવાથી કોઇ ફળશ્રુતિ મળી શકે.
- શ્રી ધીરેન્દ્ર દોશીએ આવા ઓપન હાઉસની મીનીટ્સ બનાવી મોકલી આપવા સૂચન કર્યું હતું.

- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે કોઇ પણ ઓપન હાઉસના આયોજનમાં અને ખાસ કરીને ટેક્ષ ડીપાર્ટમેન્ટને લગતા ઓપન હાઉસનું રેકોર્ડીંગ કરવામાં આવશે, મીનીટ્સ તૈયાર કરવામાં આવશે અને જે તે વિભાગ દ્વારા આ મીનીટ્સને રેકોર્ડ ઉપર મુકવામાં આવશે. આ શરતો એ જ ઓપન હાઉસ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- આમ કરવાથી જે તે વિભાગના અધિકારીઓ દ્વારા ઇગ્નોરન્સ કરવામાં અવે છે નિવારી શકાશે.

<u>પ્રમુખ સ્થાનેથી :</u>

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ૩ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ સુપ્રિમ કોર્ટ દ્વારા ક્લબ અને એસોસીયેશનને સર્વિસ ટેક્ષ ભરવાનો થતો નથી તેવું જજમેન્ટ આપવામાં આવેલ છે અને આ ટેક્ષનું રીફંડ શરુથી જ પરત કરવામાં આવશે. આ ધ્યાને લેતાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા પણ છેલ્લા વર્ષોમાં જે સર્વિસ ટેક્ષ ભરવામાં આવ્યો છે તે રીફંડ મળશે.
- આ રીફંડ માટે આ વિષયના નિષ્ણાત દ્વારા કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ રીફંડ જેટલી રકમમાં આવે તેના ૫૦% લીગલ ફંડમાં નાંખવા જોઇએ પરંતુ આ રીફંડ આવેથી કારોબારી સમિતિમાં મુકી અને જે તે સમયે ઠરાવ કરવામાં આવશે.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મિટિંગ પુરી થયેલી જાહેર કરી હતી.

**તન્મય મહેતા**
***સેક્રેટરી જનરલ***

**દુર્ગેશ બુચ**
***પ્રમુખ***

## એનેક્ષર: એ

**(તા. ૧૯-૧૨-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી)**

૧. શ્રી દુર્ગેશ બુચ

૨. શ્રી નટુભાઇ પટેલ

૩. શ્રી ભાર્ગવ ઠક્કર

૪. શ્રી દિલીપ પાધ્યા

૫. શ્રી સંજીવ છાજર

૬. શ્રી પથિક પટવારી

૭. શ્રી દિનેશ ગુપ્તા

૮. શ્રી યોગેશ પરીખ

૯. શ્રી પ્રફુલ્લ તલસાણીયા

૧૦. શ્રી અનિલ સંઘવી

૧૧. શ્રી આશીષ ઝવેરી

૧૨. શ્રી કિરીટ પટેલ

૧૩. શ્રી કૌશિક ડી. પટેલ

૧૪. શ્રી પ્રતાપ ચંદન

૧૫. શ્રી સુનિલ વડોદરીયા

૧૬. શ્રી અમિત પરીખ

૧૭. શ્રી બિપીન એમ. શાહ

૧૮. શ્રી આશિષ ગુરુ

૧૯. શ્રી હેમંત શાહ

૨૦. શ્રી ગૌરાંગ ભગત

૨૧. શ્રી મોહનીશ ભલ્લા

૨૨. શ્રી યોગેશ ડી. શ્રીધર

૨૩. શ્રી રોહિત એન. પટેલ

૨૪. શ્રી કે. આઇ. પટેલ

૨૫. શ્રી ભુપેન્દ્ર પટેલ

૨૬. શ્રી સૌરીન પરીખ

૨૭. શ્રી સૌમિલ પુરોહિત

૨૮. શ્રી ધવલ આચાર્ય

૨૯. શ્રી ત્રિલોક પરીખ

૨૬. શ્રી જીગીશ કે. શાહ

૨૭. શ્રી મદનલાલ જયસવાલ

૨૮. શ્રી કનુભાઇ સી.પટેલ

૨૯. શ્રી ભાવેશ લાખાણી

૩૦. શ્રી અશોક પી. પટેલ

૩૧. શ્રી અનુજ પટેલ

૩૨. શ્રી નિલેશ શુક્લ

૩૩. શ્રી હિમાંશુ વ્યાસ

૩૪. શ્રી જીતેન્દ્ર લાલ

૩૫. શ્રી ચેતન ડી. શાહ

૩૬. શ્રી જૈનિક વકીલ

૩૭. શ્રી કમલેશ સી. પટેલ

૩૮. શ્રી પ્રદિપ જૈન

૩૯. શ્રી દેવાંગ ડોક્ટર

૪૦. શ્રી વારીસ ઇશાની

૪૧. શ્રી ભાવેશ પી. શાહ

૪૨. શ્રી હિરેન ગાંધી

૪૩. શ્રી કનુભાઇ અગરવાલ

૪૪. શ્રી નિલેશ દેસાઇ

૪૫. શ્રી અંબર જે. પટેલ

૪૬. શ્રી સ્નેહલ લાવસી

૪૭. શ્રીમતી મીનાબેન કાવીયા

૪૮. શ્રી સચિન કે. પટેલ

૪૯. શ્રી મિહીર વી. પટેલ

૫૦. શ્રી ધીરેન્દ્ર દોશી

૫૧. શ્રી જીગીશ એન. દોશી

૫૨. શ્રી પ્રકાશ વરમોરા

૫૩. શ્રી ચિરંજીવ પટેલ

## એનેક્ષર-બી

**મંજૂર થયેલા સભ્યોની યાદી**

| | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1. | Gloriana Jewels | Dharmessh Shah | Local-Firm |
| 2. | Nikol Advance Materials Pvt Ltd | Mehul Patel | Pvt.Ltd-Local |
| 3. | Induben Khakhrawala & Co. | Satyan Shah | Reigonal-Firm |
| 4. | Design & Planning Counsel Pvt. Ltd. | Shobhit Tayal | Pvt.Ltd-Local |
| 5. | Panachand Zaverdas | Parag Modi | Local-Firm |
| 6. | Sharmira Services | Rashmi Ambavi | Local-Firm |
| 7. | LBZ Sons Pvt Ltd | Jainish Zaveri | Pvt.Ltd-Local |
| 8. | Narayana Furniture | Arjun Thakkar | Local-Firm |
| 9. | Jaydev Buildcon Pvt. Ltd. | Jayshree Brahmbhatt | Pvt.Ltd-Local |
| 10. | Federation of Indian Spice Stakeholders | Ashwin Nayak | Reigonal-Association |

## એનેક્ષર-સી

**મંજુર થયેલ પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Jamnagar Chamber Of Commerce & Industry | Bipindrasinh Jadeja<br>Kirit Mehta | Bipindrasinh Jadeja<br>Axit Shah |
| 2. | Shree Juna Madhavpura Vepari Mahajan Ltd | Vijay Patel<br>Rajesh Patel | Dinesh Shah<br>Rajesh Patel |
| 3. | Dehgam Vepari Maha Mandal | Dashrath Amin<br>Atul Shah | Amit Amin<br>Atul Shah |
| 4. | The Ahmedabad Eng. Mfgrs. Association | Gaurang Shah<br>Shashikant Shah | Ashok Patel<br>Mahendra Patel |
| 5. | Income Tax Bar Association | Kartikey Shah<br>Aashutosh Thakkar | Vishves Shah<br>Dhruvin Mehta |
| 6. | Akhil Gujarat Tourist Vehical Operations Federation | Haribhai Patel<br>Meghajibhai Khetani | Nandlal Kabra<br>Rajendra Thakar |
| 7. | The Gujarat Institute of Housing & Estate Developer-CREDAI | Ashish Patel<br>Dhruv Patel | Ajay Patel<br>Sanket Shah |
| 8. | Hotel President | Jaikishan Jadwani<br>Pradip Jadwani | Jaikishan Jadwani<br>Kamini Jadwani |
| 9. | Chitra Industries Association | Pankaj Pandya<br>Dilip Kamani | Jignesh Savani<br>Dilip Kamani |
| 10. | Vithal Udyognagar Industries Association | Harshad Mehta<br>Manish Kothari | Harshad Mehta<br>Paresh Shah |
| 11. | Ankleshwar Industries Association | Mahesh Patel<br>Jayesh Patel | Mahesh Patel<br>Ramesh Gabani |
| 12. | Mahuva Chamber of Co. & Ind. | Hasmukhrai Goradia<br>Bachubhai Patel | Pareshbhai Shah<br>Bachubhai Patel |
| 13. | Industrial Association of Mansa | Madhavlal S. Patel<br>Bhikhabhai Patel | Madhavlal S. Patel<br>Rajesh J Patel |
| 14. | Laghu Udhyog Bharti, Guj. | Nikhil B. Patel<br>Prakash Patel | Nikhil B. Patel<br>Umesh Patel |
| 15. | Gujarat State Plastics Mfg.Asso. | Devang Mehta<br>Vijay Javia | Shailesh Patel<br>Shanbhubhai Talaviya |
| 16. | Ahmedabad Scooter Parts Dealers Asso. | Himan Parikh<br>Mahesh Shah | Jaikishan Ainani<br>Shailesh Shah |
| 17. | Shree Deesa Kariyana Merchant Asso. | Jagdishchandra Modi | Jagdishchandra Modi<br>Jamatraj Shah |
| 18. | Shell Energy (I) Pvt Ltd | Sampath Bulusu<br>Surit Mitra | Sampath Bulusu<br>Suneel Mehta |

**મંજૂર થયેલ પ્રતિનિધિની કંપનીના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Dutron Plastics Ltd. | Dutron Plastics Pvt. Ltd. | No |
| 2. | Bajaj Processors Ltd. | Bajaj Processors Pvt. Ltd. | No |

**મંજૂર થયેલા પ્રતિનિધિની કંપનીની કેટેગરીમાં ફેરફારની યાદી.**

| Sr. No. | Name of Member at present in GCCI database | Name of Member to be changed | Change in Category, if any |
|---|---|---|---|
| 1. | Janik N Vakil | Janik N Vakil | Ordinary Member into Life Member |

**મંજૂર થયેલા પ્રતિનિધિની કંપનીના સરનામામાં ફેરફારની યાદી.**

| Sr. No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1. | S. Kumar Computers Pvt Ltd | 1, Satyam Centre, Opp Ajanta Tower, Ambawadi,Ahmedabad | 901, 9th Floor, Bonori Business Square-1, Satellite, Ahmedabad |
| 2. | Bharatkumar & Co. | 462/2. Sakar Bazar, Revdi Bazar, Ahmedabad | Plot No-88, Gurudev Associates, Somnath Mandir Road, Behrampura, Ahmedabad |

### આઇટેમ નં. ૨

**૨.૧ અગત્યના પ્રસંગો (૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન) :**

| | | | |
|---|---|---|---|
| શુક્રવાર | તા. ૧૩-૧૨-૨૦૧૯ | સવારે ૭-૦૦ કલાકે | GCCI ની બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે ગણતર-NGO ની લીધેલ મુલાકાત. |
| શુક્રવાર | તા. ૧૩-૧૨-૨૦૧૯ | સવારે ૧૧-૦૦ કલાકે | TAITRA, મુંબઇ, ઓફીસર્સ સાથે યોજવામાં આવેલ મિટિંગ. |
| સોમવાર | તા. ૧૬-૧૨-૨૦૧૯ | સાંજે ૫-૦૦ કલાકે | GCCI અને રોટરી ઇન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૦૫૪ના સંયુક્ત ઉપક્રમે Lecture on "Golden Opportunity to Manufacture 3100 Products with Assistive Tehnology for Assistive Technology for MSME and SME Sector" વિષય ઉપર યોજવામાં આવેલ કાર્યક્રમ. |
| શુક્રવાર | તા. ૨૦-૧૨-૨૦૧૯ | બપોરે ૩-૦૦ કલાકે | GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે "Graphology & Vastu Rectifications without breakage to enhance your Business" વિષયે યોજવામાં આવેલ કાર્યક્રમ. |
| શુક્રવાર | તા. ૨૭-૧૨-૨૦૧૯ | બપોરે ૩-૦૦ કલાકે | GCCI ના ઉપક્રમે રેલ્વેના પ્રશ્નો અંગે યોજવામાં આવેલ ઓપન હાઉસ. |
| સોમવાર | તા. ૬-૧-૨૦૨૦ | સાંજે ૫-૦૦ કલાકે | ઝીમ્બાબ્વેનું ડેલીગેશન ગુજરાત ચેમ્બરની મુલાકાતે. |
| સોમવાર | તા. ૬-૧-૨૦૨૦ | સાંજે ૪-૦૦ કલાકે | GCCI, GST બાર એસોસીયેશન અને ગુજરાત સ્ટેટ એન્ડ કોમર્શિયલ ટેક્ષ ડીપાર્ટમેન્ટ ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે Amnesty Scheme-2019 અંગે યોજવામાં આવેલ પ્રેસ કોન્ફરન્સ. |
| સોમવાર | તા. ૯-૧-૨૦૨૦ | સાંજે ૪-૪૫ કલાકે | GCCI ના ઉપક્રમે "Renewable Energy" કાર્યક્રમ અંતર્ગત યોજવામાં આવેલ પ્રેસ કોન્ફરન્સ. |
| ગુરુવાર | તા. ૯-૧-૨૦૨૦ | સાંજે ૪-૪૫ કલાકે | GCCI ના ઉપક્રમે ગુજરાત રાજ્યના માનનીય ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલની ઉપસ્થિતિમાં "Renewable Energy" વિષયે યોજવામાં આવેલ પરિચર્ચા. |
| શુક્રવાર | તા. ૧૦-૧-૨૦૨૦ | સાંજે ૪-૦૦ કલાકે | GCCI, ધ ટેક્ષટાઇલ એસોસીયેશન ઇન્ડિયા, ગુજરાત ઇનોવેશન સોસાયટીના સંયુક્ત ઉપક્રમે "Ease of Doing Business" અંગે RUBARU કાર્યક્રમનું કરવામાં આવેલ આયોજન. |
| | | | |

**૨.૨ ચેમ્બરની રજૂઆતો**

➢ ગુજરાત રાજ્યની સોલાર પાવર પોલીસી-૨૦૧૫માં સૂચિત સુધારાઓ અંગે ગુજરાત સરકારના ઉર્જા અને ખાણ વિભાગના અગ્ર સચિવશ્રીને પાઠવેલ પત્ર (તા. ૪-૧૨-૨૦૧૯)

- કેમીકલ્સ અને ફર્ટિલાઇઝર સેક્ટરમાં ૨૦ થી ૨૫ ટકાનો વૃદ્ધિ દર નોંધાય તે માટે ભારત સરકારના કેમીકલ્સ અને ફર્ટિલાઇઝર મંત્રાલયના માનનીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાને પાઠવેલ રજૂઆત. (તા.૫-૧૨-૨૦૧૯)
- NEFT વિગેરેથી કરવામાં આવતા ડીજીટલ પેમેન્ટમાં મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ નાબુદ કરવાના નિર્ણયનો અમલ કરાવવા અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન ને પાઠવેલ રજૂઆત. (તા. ૭-૧૨-૨૦૧૯)
- MSME ફેસીલીટેશન કાઉન્સીલમાં ડીલે પેમેન્ટના બાકી રહેલ કેસો અંગે ભારત સરકારના MSME વિભાગના માનનીય મંત્રી શ્રી નીતિનભાઇ ગડકરીને પાઠવેલ રજૂઆત. (તા. ૭-૧૨-૨૦૧૯)
- ગુજરાત ઔદ્યોગિક નીતિની સમય મર્યાદા વધારવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ રજૂઆત. (તા. ૧૪-૧૨-૨૦૧૯)
- સેક્શન 269SU ના અમલીકરણની તારીખ લંબાવવા તેમજ બીજા અગત્યના મુદ્દાઓ અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનને પાઠવેલ રજૂઆત (તા. ૧૬-૧૨-૨૦૧૯)
- જી.આઇ.ડી.સી. દ્વારા મે. ઉર્જા પ્રોડક્ટ્સ પ્રા.લી. ને એલોટ કરેલ ગોડાઉન ઉપર લેવામાં આવેલ NU ચાર્જ રદ કરવા જી.આઇ.ડી.સી.ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી એમ. થેનારસન,IAS ને પાઠવેલ રજૂઆત (તા. ૧૮-૧૨-૨૦૧૯)
- સરકારના ઔદ્યોગિક વિકાસના અભિગમ વિરુદ્ધમાં પ્રવૃત્તિઓ કરતા અમુક જી.આઇ.ડી.સી.ના ઓફીસરો સામે યોગ્ય પગલાં લેવા અંગે જી.આઇ.ડી.સી.ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી એમ. થેનારસન,IAS ને પાઠવેલ રજૂઆત (તા. ૧૯-૧૨-૨૦૧૯)
- "સબકા વિશ્વાસ" (લૌંગ ડીસ્પ્યુટ રેઝોલ્યુશન) સ્કીમ નો લાભ લેવામાં પડતી મુશ્કેલીઓ અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રીશ્રી શ્રીમતી નિર્મલા સીતારમન ને પાઠવેલ રજૂઆત. (તા. ૨૩-૧૨-૨૦૧૯)
- કોલ્ડ સ્ટોરેજના વીજ વપરાશ ઉપર લગાવવામાં આવતી ઇલેક્ટ્રીસીટી ડ્યુટી ઇન્ડસ્ટ્રીઝના ધોરણે વસુલવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલને પાઠવેલ રજૂઆત. (તા. ૨-૧-૨૦૨૦)
- કરદાતાને કનડગત ના થાય તેમજ માર્ચ-૨૦૨૦ પહેલાંના ડીસ્પ્યુટેડ ડીમાન્ડ ઘટે તે ઉદ્દેશથી હાઇ પીચ્ડ એસેસમેન્ટનો ત્વરિત નિર્ણય કરવા અંગે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષીસ ના ચેરમેનને પાઠવેલ પત્ર. (તા.૪-૧-૨૦૨૦)
- CEPI -૨૦૧૮ ના કેલક્યુલેશનો ના પ્રભાવિત અને ખાસ કરીને પેપર અને ટેક્ષટાઇલ ઉદ્યોગના વિકાસ ઉપર તેની સંભવિત વિપરીત અસર અંગે સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (CPCB) ના ચેરમેન શ્રી એસ.પી. સિંગ પરિહાર, IAS ને પાઠવેલ પત્ર (તા. ૬-૧-૨૦૨૦)

## ૨.૪ અન્ય માહિતી

### સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૮<br>૩૯૪૨ | મે-૧૮<br>૩૯૮૧ | જુન-૧૮<br>૩૮૬૩ | જુલાઇ-૧૮<br>૩૫૫૨ | ઓગષ્ટ-૧૮<br>૩૮૩૫ | સપ્ટેમ્બર-૧૮<br>૩૨૬૬ | ઓક્ટોબર-૧૮<br>૩૬૧૮ |
| એપ્રિલ-૧૯<br>૩૬૫૪ | મે-૧૯<br>૩૮૦૭ | જુન-૧૯<br>૩૩૪૭ | જુલાઇ-૧૯<br>૩૭૯૬ | ઓગષ્ટ-૧૯<br>૨૦૧૯ | સપ્ટેમ્બર-૧૯<br>૩૩૫૮ | ઓક્ટોબર-૧૯<br>૩૪૯૫ |
| નવેમ્બર-૧૮<br>૩૧૫૧ | ડિસેમ્બર-૧૮<br>૩૩૩૫ | જાન્યુઆરી-૧૯<br>૩૮૨૧ | ફેબ્રુઆરી-૧૯<br>૩૬૯૫ | માર્ચ-૧૯<br>૩૯૦૫ | કુલ-૨૦૧૮-૧૯<br>૪૩૯૬૪ | |
| નવેમ્બર-૧૯<br>૩૭૨૯ | ડિસેમ્બર-૧૯<br>૩૬૪૬ | જાન્યુઆરી-૨૦ | ફેબ્રુઆરી-૨૦ | માર્ચ-૨૦ | કુલ-૨૦૧૯-૨૦<br>૨૭૧૨૨ | |

## અખબારી નિવેદનો :

- "Golden Opportunity to Manufacture 3000 products with Assistive Technology" વિષયે યોજવામાં આવેલ કાર્યક્રમ અંગે. (તા. ૧૬-૧૨-૨૦૧૯)
- "Graphology & Vastu Rectifications to enhance your business" વિષયે યોજવામાં આવેલ કાર્યક્રમ અંગે. (તા. ૨૦-૧૨-૨૦૧૯)
- રેલ્વેના પ્રશ્નો અંગે યોજવામાં આવેલ ઓપન હાઉસ અંગે. (તા. ૨૭-૧૨-૨૦૧૯)
- "Renewable Energy" અંગે યોજવામાં આવેલ પરિચર્ચા અંગે. (તા. ૯-૧૨-૨૦૨૦)
- "RUBARU" કાર્યક્રમ અંગે (તા. ૧૦-૧-૨૦૨૦)

## આઇટેમ નં. ૩ (કમિટિ અને સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)

### ૩.૧ (કમિટીઓની મીટીંગની માહિતી)

નં. ૧ GCCIની ડાયરેક્ટ ટેક્ષ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૬-૧૨-૨૦૧૯)

નં. ૨ GCCIની સ્કુટિની કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૬-૧૨-૨૦૧૯)

નં. ૩ GCCIની SMART કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૭-૧૨-૨૦૧૯)

નં. ૪ GCCIની IPR & LAW કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા.(તા. ૨૦-૧૨-૨૦૧૯)

નં. ૫ GCCIની બિઝનેસ વિમેન વિંગની કમિટિ મિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૨૪-૧૨-૨૦૧૯)

નં. ૬ GCCIની સેક્ટરીયલ રીસર્ચ એન્ડ એનાલીસીસ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા.(તા. ૩-૧-૨૦૨૦)

નં. ૭ GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટિ મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા.(તા. ૭-૧-૨૦૨૦)

નં. ૮ GCCIની સ્ટાર્ટઅપ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૭-૧-૨૦૨૦)

### ૩.૨ (સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)

નં. ૧ ટેક્ષટાઇલ પોલીસીની સ્ટેટ લેવલ એપ્રુવલ કમિટિની મળેલ મિટિંગમાં ગુજરાત ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી ગૌરાંગ ભગતની ઉપસ્થિતિ. (તા. ૧૧-૧૨-૨૦૧૯)

નં. ૨ DGFTની સ્ટેટ એક્સપોર્ટ એડવાઇઝરી કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરના માનદ્-મંત્રી (રીજનલ) શ્રી દિલીપ પાધ્યાની ઉપસ્થિતિ. (તા. ૧૬-૧૨-૨૦૧૯)

નં. ૩ રાજ્ય સૈનિક બોર્ડની મેનેજીંગ કમિટિની મળેલ મિટિંગમાં ગુજરાત ચેમ્બરના માનદ્-ખજાનચી શ્રી પથિક પટવારીની ઉપસ્થિતિ. (તા. ૧૭-૧૨-૨૦૧૯)

નં. ૪ MSME ની પુનઃઉત્થાન કરી શકાય તેવા માંદા એકમો માટે મળેલ મિટિંગમાં ચેમ્બરની MSME કમિટિના ચેરમેન શ્રી અજય પટેલની ઉપસ્થિતિ. (તા. ૨૩-૧૨-૨૦૧૯)

નં. ૫ ટેક્ષટાઇલ પોલીસી-૨૦૧૨ માટે રાજ્યકક્ષાની મળેલ મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી ગૌરાંગ ભગતની ઉપસ્થિતિ. (તા. ૩૧-૧૨-૨૦૧૯)